## "ધરૂવાડીયા અને રક્ષિત ખેતીમાં પાક સંરક્ષણ"

### કાર્યનોંધ

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના યજમાન પદે તા. ૨૮/૦૨/૨૦૧૩ના રોજ પ્લાન પ્રોટેકશન એશોસીયેશન ઓફ ગુજરાત (પીપીએજી), સ્ટેટ હોર્ટીકલ્ચર મીશન, બાગાયત ખાતુ, ગુજરાત રાજય, ગાંધીનગર, ગુજરાત એસોસીએશન ફોર એગ્રીકલ્ચરલ સાયન્સીસ (ગાસ) અને નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી દ્વારા "ધરૂવાડીયા અને રક્ષિત ખેતીમાં પાક સંરક્ષણ" વિષય પર રાજય કક્ષાનો એક દિવસના પરિસંવાદ **ઓડિટોરીયમ હોલ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી** ખાતે યોજયો હતો જેમાં અધ્યક્ષ સ્થાને નવસારી કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડાં. એ. આર. પાઠક જયારે ઉદ્દઘાટક તરીકે માજી કૃષિ મંત્રિ શ્રી દિલીપભાઈ સંઘાણી અને અતિથિ વિશેષ તરીકે શ્રી બી. એસ. પટેલ, બાગાયત નિયામકશ્રી, ગુજરાત રાજય, ડાં. જે. બી. પટેલ ચેરમેનશ્રી, સહકારી ખાંડ ઉદ્યોગ મંડળ, ગણદેવી ઉપસ્થિત રહયા હતા. સદરહુ પરિસંવાદમાં રાજયના જુદા જુદા વિસ્તારના ૪૫૦ ખેડૂત ભાઈઓ તથા બહેનોએ ભાગ લીધો હતો.પરિસંવાદમા હાજર રહેલ તમામ ખેડૂતોની રજીસ્ટ્રેશન ફી માફ કરવામાં આવી હતી. તમામ ખેડૂતોને એક બેગ, સોવેનીયર, ઉંદર નિયંત્રણની પુસ્તિકા, વિભાગના છ રંગીન ફોલ્ડરો, પેડ, પેન વિગેરે પુરા પાડવામાં આવ્યા હતા. પરિસંવાદમાં રાજયની ચારેય યુનિવર્સિટીના ૧૫૦ વૈજ્ઞાનિકો તથા ૧૦૦ અનુસ્નાતાક વિદ્યાર્થીઓ તેમજ ૨૭ કૃષિ સાહસિકો હાજર રહયા હતા. આ ઉપરાંત દક્ષિણ ગુજરાતના તમામ કૃષિ વિજ્ઞાન કેન્દ્રના પ્રોગ્રામ કોઓર્ડિનેટરશ્રીઓ, બગાયત ખાતાના અધિકારીશ્રીઓ અને દક્ષિણ ગુજરાતની સુગર ફેકટરીના અધિકારીશ્રીઓ પણ હાજર રહયા હતા.

પરિસંવાદની શરૂઆત પ્રાર્થનાથી થઈ હતી. પીપીએજીના પ્રમુખ ડાં. જીવણભાઈ જી. પટેલે તમામ મહાનુભાવો, વૈજ્ઞાનિકો, આમંત્રિત મહેમાનો, ખેડૂત ભાઈઓ તથા બહેનોનું સ્વાગત કરતાં જણાવેલ કે આ આઠમો સેમીનાર છે અને આદર્શ ધરૂવાડીયા તેમજ રક્ષિત ખેતીનો જયારે વ્યાપ વધી રહયો છે ત્યારે ખેડૂતોના મૂંઝવતા પ્રશ્નોનું નિવાકરણ થાય અને ગ્રીન હાઉસ ટેકનોલોજીથી ઉગાડતા ખેતીપાકોમાં રોગજીવાતના પ્રશ્નો નિવારી શકાય તેવા ઉમદા હેતુથી આ સેમીનારનું આયોજન કરવામાં આવેલ છે. સુમીનારને માનનીય માજી કૃષિ મંત્રિશ્રીએ દિપ પ્રાગટય કરી ઉદ્દઘાટન કરેલ અને તેમના ઉદ્દઘાટન પ્રવચનમાં ધરૂવાડીયાનું મહત્વ બાળક જન્મે છે અને જેવી કાળજી લેવાય તેવી કાળજી ધરૂવાડીયા માટે પણ જરૂરી છે. જયારે રક્ષિત ખેતી માટે રાજયનું તેમજ કેન્દ્રનું ખેતીવાડી ખાતુ સારી એવી સહાય પૂરી પાડે છે તેવા સંજોગોમાં આ સમીનારનું આયોજન કરવા આયોજક, તમામ સંસ્થાઓ, પીપીએજી, નવસારી કૃષિ યુનિવર્સિટી, બાગાયત ખાતુ અને ગુજરાત એસોસીએશન ફોર એગ્રીકલ્ચરલ સાયન્સીસ (ગાસ)ને અભિનંદન આપેલા અને જયારે આપણા ખેડૂતો આ ખેતી તરફ વળ્યા છે ત્યારે તેઓને મૂંઝવતા પંશ્નો અંગે યોજાયેલ આ સેમીનાર એક મહત્વનું પગલું છે અને ખેડૂતો

તેનો પૂરેપુરો લાભ ઉઠાવી ખેતીમાં ક્રાંતિકારી બદલાવ લાવે તે જરૂરી છે. આ પ્રસંગે તેઓશ્રીએ સોવેનીયરનું પણ વિમોચન કરેલ.

અતિથિ વિશેષ તરીકે બોલતા બાગાયત નિયામકશ્રી ડૉ. બી. એસ. પટેલે જણાવ્યુ હતું કે આ ટેકનોલોજીનો ખેડૂતો મહત્તમ લાભ લે અને ધરૂવાડીયા માટે તેમજ બાગાયત ખેતી અને રક્ષિત ખેતી માટે અપાતી તમામ સહાયનો સદઉપયોગ કરી ગુણવત્તાસભરનું વધુ ઉત્પાદન મેળવી સારી આમદની મેળવી ખેડૂતો પોતાની તેમજ રાજયની અને દેશની આર્થિક સધ્ધરતા બક્ષવામાં મહત્વની ભાગીદારી કરે. તેઓશ્રીએ તમામ સહાય યોજનાઓ અને રાજય સરકારના અભિગમને પણ ખેડૂતને અર્પણ કરીને બેઠો કરવામાં અમૂલ્ય ફાળો રહયો છે તેમ જણાવતા માજી કૃષિ મંત્રિશ્રીનો ખેડૂતલક્ષી અભિગમને પણ બિરદાવ્યો હતો. તેમણે રક્ષિત ખેતીમાં પાકો ઉગાડવા પર ભાર મૂકયો હતો અને પ્લગ નર્સરીની અગત્યતા સમજાવી હતી. ડાંગમાં કાજુની જયારે રક્ષિત ખેતીમાં જરબેરાની ખેતી ખેડૂતો સફળતાપૂર્વક કરી શકે છે. આજ રીતે બીજા અતિથિ વિશેષ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી, ગણદેવીના ચેરમેનશ્રી, ડૉ. જયંતિભાઈ બી. પટેલે પણ આ પ્રકારના પરિસંવાદ/વાર્તાલાપથી ખેડૂતો અને સંશોધનકારો વચ્ચે સારૂ તાદમ્ય જળવાય અને ખેડૂતો પોતાનું આત્મવિરિક્ષણ કરી કોઠાસૂઝ વાપરી આ પ્રકારની ખેતી કરી વધુ સમૃધ્ધ બને તે જરૂરી છે.

અધ્યક્ષસ્થાનેથી નવસારી કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. એ. આર. પાઠક કે જેઓએ આ સેમીનાર યોજાય તે માટે મહત્વની ભૂમિકા અદા કરેલ અને દક્ષિણ ગુજરાત વિસ્તાર નર્સરીક્ષેત્રે અને રક્ષિત ખેતી માટે ગુજરાતમાં ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરી વાપી, મુબંઈ અને સુરત જેવા શહેરો હોય આસપાસનો વિસ્તાર આ માટેની ખેતી માટે ઘણો જ મહત્વનો હોય ફૂલ છોડ અને શાકભાજી પેદા કરી સમૃધ્ધ બને તેવા આશાયથી અહિં આ સેમીનાર યોજાયેલ છે. વળી આદિવાસી વિસ્તારમા પણ અમારા ખેડૂતો આ ટેકનોલોજી તરફ વળ્યા છે અને કિંમતી પાકો વાવી જીવનધોરણ ઉંચુ લાવે તે માટે આ પ્રકારની રક્ષિત ખેતી અંગે સજાગ અને સમજ કેળવે તે જરૂરી છે.તેઓશ્રીએ માજી કૃષિ મંત્રિશ્રીનો આ બાબતે બહુંજ સુમેળભર્યો સહકાર અને નવી નવી કોલેજો શરૂ કરવામાં આપેલ અનન્ય ફાળો અને પ્રોત્સાહન બદલ પણ આભારની લાગણી વ્યકત કરેલ. આ પ્રસંગે યુનિવર્સિટીના પદાધિકારીશ્રીઓએ શ્રી દિલિપભાઈ સંઘાણી (માજી કૃષિ મંત્રિ), ડૉ. બી. એસ. પટેલ (બાગાયત નિયામક), ડૉ. જીવણભાઈ જી. પટેલે (પ્રમુખ,પીપીએજી) અને ડૉ. જયતિભાઈ બી. પટેલ (ચેરમેન, સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી, ગણદેવી)નું શાલ ઓઢાડી બહુમાન પણ કરેલ.

આ પ્રસંગે ન. મ. કૃષિ મહાધિલયના આચાર્યશ્રી ડૉ. એમ. કે. એરવાડીયા, ગાસ ચેપ્ટરના પ્રમુખ અને હોર્ટીકલ્ચર કોલેજના આચાર્યશ્રી ડૉ. એન. એલ. પટેલ, સંશોધન નિયામકશ્રી ડૉ. એ. એન. સાબલપરા, વિસ્તરણ નિયામકશ્રી ડૉ. દેરાસરી, વેટરનરી કોલેજના આચાર્યશ્રી ડૉ. કેલાવાલા, માજી પ્રમુખ, પીપીએજી, ડૉ. ચંપકભાઈ પટેલ, ઉપપ્રમુખ ડૉ. આર. સી. ઝાલા, મહામંત્રીશ્રી ડૉ. બાબુભાઈ એચ. પટેલ તેમજ ખેતીવાડી કોલેજના નિવૃત

પદાધિકારીશ્રીઓ ડૉ. ડી. જે. પટેલ, ડૉ. બી. કે. પટેલ, ડૉ. કે. યુ. સોલંકી, ડૉ. એમ. બી. પટેલ અને ડૉ. એચ. એલ. ચૈહાણ પણ ઉપસ્થિત રહયા હતા.

અંતમાં ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી અને અને પીપીએજી નવસારી ચેપ્ટરના કોઓર્ડીનેટરશ્રી ડૉ. જી. જી. રાદડીયાએ આભારવિધિ કરી હતી.

તાંત્રીક સેશન–૧ના ચેરમેન તરીકે ડૉ. એ. એન. સાબલપરા, સંશોધન નિયામકશ્રી અને કો–ચેરમેન તરીકે ડૉ. એમ. બી. પટેલ, માજી પ્રાધ્યાપક અને વડા (કીટકશાસ્ત્ર વિભાગ) જયારે રીપોરટીયર તરીકે ડૉ. એચ. વી. પંડયા અને ડૉ. કે. બી. રાખોલીયાએ સેવાઓ આપી હતી. આ સેશનમાં ૯ વ્યાખ્યાનો રજુ કરવામાં આવ્યા હતા. ડૉ. આર. જી. પાટીલે, સંશોધન વૈજ્ઞાનિક, જળ અને જમીન રક્ષિત ખેતીની અગત્યતા ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. ડૉ. કે. બી. રાખોલીયાએ રક્ષિત ખેતીમાં સંકલિત રોગ–જીવાત નિયંત્રણ વ્યવસ્થા, ડૉ. ડી. એમ. કોરાટ, સહ સંશોધન નિયામકશ્રી, આકૃયુ, આણંદ બીન રાસાયણીક પધ્ધતિથી પોલી હાઉસમાં રોગ–જીવાત નિયંત્રણ વ્યવસ્થા, ડૉ. વી. પી ગોહિલ, પ્રાધ્યાપક અને વડા, વનસ્પતિ રોગશાસ્ત્ર, આણંદે ખેતી પાકોમાં ધરૂવાડિયામાં પાક સંરક્ષણ ઉપર વ્યાખ્યાનો રજુ કરેલ હતા.

તાંત્રીક સેશન–રમાં ચેરમેન તરીકે ડૉ. જે. જી. પટેલ, પ્રમુખશ્રી, પ્લાન્ટ પ્રોટેકશન એશોસીયેશન ઓફ ઓફ ગુજરાત અને કો–ચેરમેન તરીકે ડૉ. આર. સી. ઝાલા, એમેરીટસ સાયન્ટીસ્ટે સેવાઓ આપી હતી. આ સેશનમાં ડૉ. સુભાષ જે. પટેલ, સંશોધન વૈજ્ઞાનિક, વનસ્પતિ રોગશાસ્ત્ર, આણંદે શાકભાજીના પાકોના ધરૂવાડિયામાં પાક સંરક્ષણ, ડૉ. એચ. વી. પંડયા, કો–ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરીએ શાકભાજીની પોલી હાઉસ ખેતીમાં પાક સંરક્ષણઃ ટામેટા, મરચા, કાકડી, ટેટી અને તરબુચ, ડૉ. એચ. આર. દેસાઈ, સહ સંશોધન વૈજ્ઞાનિકે શાકભાજીની પોલી હાઉસ ખેતીમાં પાક સંરક્ષણઃ લેટયુસ, શિયાળુ ભીંડા, ધાણા, મેથી અને પાલક, ડૉ. એલ. વી. ઘેટીયા, સહ પ્રાધ્યાપક, કીટકશાસ્ત્ર વિભાગ એ શાકભાજીની પોલી હાઉસ ખેતીમાં પાક સંરક્ષણઃ બ્રોકોલી, પાર્સલી, એસ્પેરેગસ અને બ્રુસેલ્સ સ્પ્રાઉટ પર વ્યાખ્યાનો રજુ કરેલ હતા.

તાંત્રીક સેશન–૩માં ચેરમેન તરીકે ડૉ. ડી. એમ. કોરાટ, સહ સંશોધન નિયામકશ્રી, આકૃયુ, આણંદ અને કો–ચેરમેન તરીકે ડૉ. વી. એ. સોલંકી, પ્રાધ્યાપક અને વડા, વનસ્પતિ રોગશાસ્ત્ર, નવસારીએ સેવાઓ આપી હતી. આ સેશનમાં ડૉ. જી. જી. રાદડીયા ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી અને ઝોનલ કોઓર્ડીનેટરે શોભાના ફુલ–છોડની પોલી હાઉસ ખેતીમાં પાક સંરક્ષણઃ ગુલાબ, જરબેરા, ક્રીસેન્થીમમ, કારનેશન, ઓર્કીડ અને એન્થુરીયમ પર વ્યાખ્યાન રજુ કરેલ હતા.

પ્લેનરી સેશનમાં ડૉ. સી. બી. પટેલ, માજી કેન્દ્રનિયામકશ્રી, નવસારીએ પ્રમુખ તરીકે સેવા આપી હતી.

પીપીએજી સેમીનારના તારણો:

(૧) ગુજરાતમાં રક્ષિત ખેતી માટે જયારે ખેડૂતોમાં ઉત્સાહ વધેલ છે ત્યારે પાયાની જરૂરીયાત કાર્યકુશળતા અને તાલીમની આવશ્યકતા છે અને આ ધ્યાને લઈ મહારાષ્ટ્રમાં આઈ. સી. એ. આર. મારફત ગ્રીન હાઉસ ટેકનોલોજી માટે તાલીમ આપતી સંસ્થા છે. તેવીજ સંસ્થા આપણે ત્યાં ઉભી થાયતો ખેડૂતો ઘર આંગણે તાલીમ લઈ રક્ષિત ખેતી માટે વધારે સજજ બને (ગુજરાત રાજય બાગાયત ખાતુ).

(૨) વૈશ્વીકરણ અને તેના સાપેક્ષમાં કયા પાક આપણે ત્યાં જયારે ગ્રીન હાઉસ ટેકનોલોજી/નેટ હાઉસ ટેકનોલોજી દ્વારા રક્ષિત ખેતીનો વ્યાપ વધેલ છે ત્યારે આ સંજોગામાં કયા પાક કયારે લેવા ધરૂવાડીયાથી માંડી– પાક ઉત્પાદન કરે અને તેનું માર્કેટીંગ થાય ત્યાં સુધીની પેકેજ ઓફ પ્રેકટાઈસીસ ( POP) ની માહિતી(સંશોધન આધારીત –ડેટાબેઝ) ખેડૂતોને ઉપલબ્ધ થાય તો સારૂ સઘન પ્રયત્નોની જરૂરીયાત છે. (રાજયની કૃષિ યુનિવર્સિટીઓ)

(૩) કેન્દ્ર કે રાજય સરકાર મારફત સબસીડી–સહાય મળે છે અને ખેડૂતો રક્ષિત ખેતી તરફ વળે એટલું જ ન વિચારતાં ખરેખર જયારે વધતી જતી વસ્તી અને ઘટતી જતી ખેતીલાયક જમીનના આ દાયરાને ધ્યાનમાં લઈ રક્ષિત ખેતી માટે તૈયાર થતા ગ્રીન હાઉસ/નેટ હાઉસ સ્ટ્રકચરનો આર્થિક સધ્ધરતા તરફ ખેડુતોને લઈ જાય અને ગુણવત્તાસભર ખેતપેદાશોકરે તે ટકાવી રાખવા બાગાયતી મીશન/ કૃષિ યુનિવર્સિટીઓ/વિસ્તરણ ક્ષેત્રેઆ માટે કામ કરતા તજજ્ઞોએ અને ખેડૂતોએ સઘન પ્રયત્નો અને મહેનત લગાવવી આજની તાતી જરૂરીયાત છે. (રક્ષિત ખેતી સાથે સંકળાયેલ તમામ)

(૪) રક્ષિત ખેતી મારફતની પેદાશોનો પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે અને ઉપભોકતા સુધી પહોંચાડવા/નિકાસ કરવા/ટ્રાન્સપોર્ટ/પ્રોસેસીંગ/ગ્રેડીંગ/માર્કેટીંગ તમામ માટે કયાંતો સહકારી માળખા (ખેડૂત ફેડરેશન) કે એપીએમસી દ્વારા આ દિશામાં વધુ ધ્યાન અપાય તે જરૂરી છે.(સહકારી સંસ્થા/ એપીએમસી/કૃષિ અને સહકાર વિભાગ, ગુજરાત રાજય)

(૫) પ્લાન પ્રોટેકશન એસોસીએશન ઓફ ગુજરાત (પીપીએજી) ને વધારે ખેડૂત ઉપયોગી બને તે સારૂ સેમીનાર/તાલીમ/ખેડૂત શીબીર ઉપરાંત અન્ય બદલાવ લાવવાની જરૂરીયાત છે. (પીપીએજી કારોબારીના હોદ્દેદારો)

(૬) રક્ષિત ખેતી માટે પાક સરક્ષંણના જે તે ઈનપુટ કીટકનાશક દવાઓ/ફૂગનાશક દવાઓ/ વનસ્પતિ વર્ધકો/ જૈવિક નિયંત્રણના ઘટકો/ વાપરવાની સંશોધન આધારીત ભલામણો થવી જોઈએ. વળી ગુણવત્તા નિયંત્રણ માટે અદ્યત્તન લેબોરેટરી ઉભી થાય તે પણ જરૂરી છે. હાલમાં બજારમાં ઉપલબ્ધ જૈવિક નિયંત્રકો ખાસ કરીને ઉપયોગી ફૂગોનો બનાવટ માટે જરૂરી Colony Forming UnitGL સંખ્યાની ચકાસણી અવારનવાર થતી રહેવી જોઈએ. બાગાયતી પાકોમાં રોપાઓનું Domestic Quarantineની વ્યવસ્થા હોવી

જોઈએ. Quarantine Control તેમજ Maximum Residue Limit (MRL) ની માહિતી રક્ષિત ખેતી કરતા ખેડૂતોને મળી રહે તે માટે સરકારશ્રીની કક્ષાએથી અદ્યતન પ્રયોગશાળાની વ્યવસ્થા અનિવાર્ય છે જેથી જે તે પાકના નોર્મસની માહિતી ખેડૂતો મેળવી શકે. (તમામ ઈનપુટ મેન્યુફેકચરર્સ, વિતરકો અને બાગાયત વિભાગ ગુજરાત રાજય )

(૭) ગ્રીન હાઉસ ટેકનોલાજીની સઘળી માહિતી ખેડૂતોને મળે તે અંગે લીટરેચર/સીડીના રૂપમાં વૈજ્ઞાનિક પધ્ધતિઓ (સંશોધન આધારીત) માહિતીસભર તેવી વ્યવસ્થા થવી ઘટે. ગ્રીન હાઉસ ટેકનોલાજીની તમામ માહિતી વેબ સાઈટ પર મળી રહે તેવી વ્યવસ્થા કરવી. (તમામ કેવીકે/ બાગાયત વિભાગ ગુજરાત રાજય, પીપીએજી અને રાજયની કૃષિ યુનિવર્સિટીઓ)

(૮) પાક સરક્ષંણ અંગેના ખેડૂતોને મુંઝવતા પ્રશ્નો દિવસે દિવસે વધતા જાય છે ત્યારે ખેડૂતોના આ પ્રશ્નોના નિવાકરણ માટે અન્ય રાજયોની માફક આપણે ત્યાં પણ પ્લાન્ટ પ્રોટેકશન ઈન્સ્ટીટયુટની સ્થાપના થાય તે માટે તેમજ દરેક જિલ્લા મથકે પ્લાન્ટ હેલ્થ કલીનીક ( Limit Human health center and Animal health center તે જ રીતે) પણ ઉભા કરવામાં આવે તો ખેડૂતોને ઘર આંગણે નજીકમાં તજજ્ઞતા અને મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ લાવી શકાય તેવું આ મંડળનું સંચન છે. (કેન્દ્ર અને રાજય સરકાર)

(૯) પીપીએજીના આજીવન સભ્યોની ડીરેકટરી પણ તૈયાર થાય જેથી સભ્યો વચ્ચે પણ વિચારોના આદાનપ્રદાન અને માહિતી/અનુભવોની આપલે કરી શકે. (પીપીએજી)

(૧૦) આદર્શ ધરૂવાડીયા બનાવવાની તજજ્ઞતા માટે તાલીમ વ્યવસ્થા ગોઠવાઈ અને સારા તંદુરસ્ત છોડ/કટકા/કટીંગ/સકર્સ/રાઈઝોમ્સ પણ ગુણવત્તાવાળા મળી રહે ઓ આપણે ત્યાં જે તે રોગ–જીવાત–નિંદણ નથી તી દાખલ ન થાય તે માટે પણ પુરતું ધ્યાન આપવું જરૂરી છે.(કૃષિ યુનિવર્સિટીઓ/ બાગાયત વિભાગ ગુજરાત રાજય)

(૧૧) ખેતીક્ષેત્રે વપરાતી ફૂગનાશક/કીટકનાશક/નિંદણનાશક/કૃમિનાશક વિગેરે દવાની તેમજ કઈ દવાઓ ભેગી કરી શકાયની જાણકારી તેમજ બાન થયેલ દવાઓ અને રીસ્ટ્રીકટેડ વપરાશ માટે વપરાતી દવાઓની માહિતી ખેડૂતોને મળે તે અંગે ગોઠવણ કરવી. (કૃષિ યુનિવર્સિટીઓ/ બાગાયત વિભાગ ગુજરાત રાજય)

(૧૨) રક્ષિત ખેતી દ્વારા પેદા કરવામાં આવતી પેદાશો ઓ નિકાસના વ્યાપને વધારવા જરૂરી ગુણવત્તાના ધોરણોની પૂરેપૂરી સમજ–વિગત રક્ષિત ખેતી સાથે સંકળાયેલ તમામ ખેડૂતોને ઉપલબ્ધ થાય તે જરૂરી છે. (કૃષિ યુનિવર્સિટીઓ/ બાગાયત વિભાગ ગુજરાત રાજય)

(૧૩) રક્ષિત ખેતી માટે બધાજ સંશોધનો અર્થકરણ સાથે ન જોડતાં સંશોધનોની અન્ય સારી અને માઠી અસરોને પણ ધ્યાને લેવાય તે જરૂરી છે. (તમામ)

(૧૪) પેસ્ટીસાઈડઝ મેનેજમેન્ટમાં વધારે ઉંડાણમાં અભ્યાસ સંશોધન થાય તેમજ પેસ્ટીસાઈડઝનો ઉપયોગ શકય હોય ત્યાં સુધી રક્ષિત ખેતીમાં ટાળી શકાય તેવા સંશોધનો હાથ ધરવા આજની માંગ છે. (કૃષિ યુનિવર્સિટીઓ)

(૧૫) ખાનગી કંપનીઓની જાતોના વાવેતર માટે રોગ–જીવાત સામે ચકાસણી થયા પછી જ માન્યતા મળવી જોઈએ. (બાગાયત વિભાગ/ રાજય સરકાર)

પરિસંવાદના અંતે ડૉ. જી. જી. રાદડીયા ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી અને ઝોનલ કોઓર્ડીનેટરે આભાર વિધિ કર્યા બાદ પરિસંવાદને પૂર્ણ થયેલ જાહેર કર્યો હતો.

| | | |
|---|---|---|
| ડૉ. જી. જી. રાદડીયા<br>ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી | ડૉ. બી. એચ. પટેલ<br>મહામંત્રી | ડૉ. જે. જી. પટેલ<br>પ્રમુખ |